Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક


Year : 2 • Issue :17• Date : 15-08-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતનું નિવેદન

# આપણે આપણા કર્તવ્યોનું પાલન કરીશું તો જ રાષ્ટ્ર મહાન બનશે

## નડિયાદમાં એટ હૉમ સમારોહમાં નાગરિકો સાથે સ્વતંત્રતા પર્વની શુભેચ્છાઓની આપ-લે રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ કરી



નડિયાદ

નડિયાદમાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યક્ષાની ઉજવણીની પૂર્વ સંધ્યાએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એટ હૉમ સમારોહ દરમ્યાન પ્રબુદ્ધ નાગરિકો સાથે મુલાકાત કરી શુભેચ્છાઓની આપ-લે કરી હતી. નડિયાદમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે આયોજિત 'એટ હૉમ' કાર્યક્રમના પ્રારંભે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું પોલીસ બેન્ડના ડ્રમ રોલની સુરાવલી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પોલીસ વડા વિકાસ સહાયે તેમને આવકાર્યા હતા. બાદમાં રાષ્ટ્રગીતનું ગાન થયું હતું. એસ.એન.વી ઈન્ટરનેશનલ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતોની પ્રસ્તુતિ કરી હતી.

રાજ્યપાલ અને મુખ્યમંત્રી અરેરાના ૧૦૨ વર્ષના સ્વાતંત્ર્ય સેનાની કેસરીસિંહ પરમારને તેમની પાસે જઈ મળ્યા હતા અને ક્ષેમકુશળ પૂછ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું કે, આપણે આપણા કર્તવ્યોનું પાલન કરીશું તો જ રાષ્ટ્ર મહાન બનશે. પ્રત્યેક ક્ષણ આપણે જે જવાબદારી સંભાળી રહ્યા છીએ તેને ઈમાનદારીથી પૂર્ણ કરીશું તો જ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના 'વિકસિત ભારત'ના લક્ષ્યને સિદ્ધ કરી શકીશું. તેમણે વધુમાં જણાવ્યું કે, અનેક યોદ્ધાઓના લોહીની આહુતિ બાદ મહામૂલી આઝાદી મળી છે, ત્યારે ભવિષ્યની પેઢીને તેને ઉત્તમ રીતે જાળવીને આપવાની જવાબદારી આપણા સૌની છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નગર શ્રેષ્ઠિઓને આહવાન કરતાં જણાવ્યું કે, આપણે આપણું કર્મ સારી રીતે કરતાં રહીશું તો પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં યોગદાન આપી શકીશું. નડિયાદની બળુકી ધરાના મહાત્મ્યનું વર્ણન કરતાં રાજ્યપાલે જણાવ્યું કે, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખેડા જિલ્લા સહિત સમગ્ર ચરોતર અગ્રદૂત હતો. આ ભૂમિએ સાક્ષરો, સંતો અને સ્વાતંત્ર વીરોની મહામૂલી ભેટ દેશને આપી છે. સમગ્ર દેશને એક કરનાર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ છે, તો રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક જેવા કર્મવીરો આ માટીમાંથી મળ્યા છે તેમ જણાવી તેમણે સ્વાતંત્ર્ય સેનાનીઓનું પૂણ્ય સ્મરણ કર્યું હતું.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલા 'એક પેડ માં કે નામ' અભિયાન થકી જળ-વાયુ પરિવર્તન જેવી પર્યાવરણીય સમસ્યાનો સામનો કરી શકાશે તેમ કહી તેમણે નાગરિકોને મહત્તમ વૃક્ષો વાવવા આહવાન કર્યું હતું. રાસાયણિક ખાતરોના દુષ્પ્રભાવથી ખાદ્ય પદાર્થો ઝેરી બની રહ્યા હોવાની ચિંતા વ્યકત કરતાં રાજ્યપાલશ્રીએ આ સમસ્યાનો સામનો કરવા માટે પ્રાકૃતિક કૃષિ જ એક માત્ર વિકલ્પ હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. આ બાબતને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય અભિયાન બનાવી બજેટમાં પ્રાકૃતિક કૃષિને મહત્વ આપ્યું છે તેની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્યો સર્વશ્રી પંકજભાઈ દેસાઈ, રાજેશ ઝાલા, અર્જુનસિંહ ચૌહાણ, યોગેન્દ્રસિંહ પરમાર, કલ્પેશભાઈ પરમાર, સંજયસિંહ મહિડા, નડિયાદ નગરપાલિકા પ્રમુખ શ્રી કિન્નરીબેન શાહ, તાલુકા પંચાયત પ્રમુખ મેઘાબેન પટેલ, પ્રભારી સચિવ શ્રી આર .સી. મીના, વરિષ્ઠ અધિકારીઓ, જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.ડી.વસાવા અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૭૮મા સ્વાતંત્ર્ય પર્વ રાજ્યકક્ષાની ઉજવણી નડિયાદમાં

# મુખ્યમંત્રી સરદાર સાહેબના જન્મ સ્થળની મુલાકાત લીધી

## મુખ્યમંત્રીએ હિન્દુ અનાથ આશ્રમની મુલાકાત લીધી

નડિયાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વતંત્રતા પર્વની પૂર્વ સંધ્યાએ નડિયાદ પહોંચીને સરદાર સાહેબના જન્મ સ્થળની મુલાકાતથી તેમના કાર્યક્રમોની શરૂઆત કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ હિન્દુ અનાથ આશ્રમની મુલાકાત લીધી હતી. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને હિન્દુ અનાથ આશ્રમના પ્રમુખશ્રી દિનશા પટેલ અને ટ્રસ્ટીઓએ મુખ્યમંત્રીને આશ્રમ ખાતે આવકાર્યા હતા. મુખ્યમંત્રીએ હિંદુ અનાથ આશ્રમમાં ગાંધી સરદાર સ્મૃતિ ભવનની ગાંધી અને સરદાર પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી વંદન કર્યા હતા. મુખ્ય મંત્રીશ્રીએ ભવનના મ્યુઝિયમની મુલાકાત લઈ ચિત્ર પ્રદર્શન નિહાળ્યું હતું. મુખ્ય મંત્રીશ્રીએ હિન્દુ અનાથ આશ્રમના ટ્રસ્ટીઓ અને સમિતિના સભ્યો સાથે આશ્રમના બાળકોના



સર્વાંગી વિકાસ માટે વિચાર વિમર્શ કર્યો હતો.

આશ્રમના સૌથી નાના બાળક દ્વારા મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ બાળકનું અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આશ્રમમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે ખેડાના સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ,ધારાસભ્યો સર્વશ્રી પંકજભાઈ દેસાઈ, રાજેશ ઝાલા, અર્જુનસિંહ ચૌહાણ, યોગેન્દ્રસિંહ પરમાર, કલ્પેશભાઈ પરમાર, સંજયસિંહ મહિડા, નડિયાદ નગરપાલિકા પ્રમુખ શ્રી કિન્નરીબેન શાહ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.ડી.વસાવા, નિવાસી અધિક કલેકટર શ્રી ભરત જોષી, અગ્રણી શ્રી અજય બ્રહ્મભટ્ટ, , આશ્રમના ટ્રસ્ટીઓ, સમિતિના સભ્યો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૫મી ઓગસ્ટના રોજ બોમ્બ બ્લાસ્ટની ધમકી આપનારાને પકડ્યો

અમદાવાદ

અમદાવાદ પોલીસ કંટ્રુલ રૂમને ૧૫મી ઓગસ્ટના રોજ બોમ્બ બ્લાસ્ટનો ધમકીભર્યો મેસેજ મળ્યો હતો. તેના પગલે પોલીસ તરત જ સાબદી થઈ ગઈ હતી.

તેણે તેના નિષ્ણાતોને કામે લગાડી દીધા હતા અને ધમકી ભર્યો સંદેશો ક્યાંથી આવ્યો તે શોધવાની કવાયત આરંભી હતી.

પોલીસે સંદેશો મોકલનારા આરોપીની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી લીધી હતી. આ બ્લાસ્ટનો સંદેશ મોકલનારની અટકાયત કરાઈ છે અને તેની હાલમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ બ્લાસ્ટની ધમકી આપનારા આરોપીએ શા માટે આવો મેસેજ કર્યો તેના કારણો તપાસી રહી છે. પોલીસે તેની સાથે ચેતવણી આપતા કહ્યું છે કે લોકોએ કે યુવાનોએ મજાકમાં પણ આ પ્રકારના સંદેશા પ્રસારિત ન કરવા. નહીં તો તેઓ તકલીફમાં મૂકાઈ શકે છે. લોકોને અફવાઓમાં પણ ન આવવા અપીલ કરી હતી.

## તંત્રીની કલમે................

# ભાગલા પછી ભારત-પાકિસ્તાનમાં સંપત્તિની વહેંચણી

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭એ તારીખ હતી જ્યારે ભારતને અંગ્રેજો સાથે આઝાદી મળી હતી. જોકે આઝાદી સાથે જ ભાગલાનું દુઃખ પણ મળ્યું હતું. ૭૬ વર્ષ પહેલાં જ્યારે ભારતને બે ભાગમાં વહેંચવામાં આવ્યું, ત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે જમીનની વહેંચણી બસ નકશા પર લીટી દોરવા જેવી હતી. ઈતિહાસ દર્શાવે છે કે અંગ્રેજોએ દેશના ભાગલા માટે લોર્ડ રેડક્લિફને પસંદ કર્યો હતો. તે લંડનથી આવ્યો અને નકશા પર એક લીટી દોરી દીધી. બંને દેશોના ભૌગોલિક ભાગલા તો થઈ ગયા, પરંતુ સંપત્તિનો મુદ્દો બાકી હતો. માત્ર પૈસા જ નહીં,કર્મચારીઓ અને કલાકૃતિઓ પણ વહેંચવાની હતી.

આ સંપત્તિઓની વહેંચણી અલગ-અલગ રીતે કરવામાં આવી. ભારતના વાઈસરોયની ઘોડાગાડીનો માલિકી હક્ક સિક્કો ઉછાળીને કરવામાં આવ્યો, જેમાં ભારત જીતી ગયું. આ ઘોડાગાડીનો ઉપયોગ ભારતના રાષ્ટ્રપતિ માટે રાષ્ટ્રપતિ ભવનમાં કરવામાં આવતો હતો. સુરક્ષા કારણોસર જાહેર સમારોહોમાં તેનો ઉપયોગ બંધ થયાના ત્રણ દાયકા બાદ ૨૦૧૪માં તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ તેનો ઉપયોગ કર્યો હતો. જોકે કેટલીક અન્ય સંપત્તિઓ, જેમ કે માનવ સંસાધન વગેરે બહુ સાવધાનીથી વહેંચવામાં આવ્યા હતા.

દેશના ભાગલાની જવાબદારી ૧૨ જૂને રચાયેલ વિભાજન પરિષદને સોંપવામાં આવી, જેના અધ્યક્ષ બનાવ્યા લોર્ડ માઉન્ટબેટનને! તેમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને રાજેન્દ્ર પ્રસાદ કોંગ્રેસનું પ્રતિનિધિત્વ કરતા હતા, જ્યારે અખિલ ભારતીય મુસ્લિમ લીગનું પ્રતિનિધિત્વ લિયાકત અલી ખાન અને અબ્દુર રબ નિશ્તરે કર્યું. નિશ્તરની જગ્યા પછી મોહંમદ અલી ઝીણાએ લીધી અને પેનલનું નામ બદલીને વિભાજન પરિષદ કરી દેવાયું. તે અંતર્ગત ૧૦ વિશેષજ્ઞ આયોગ હતા જે વિભાજનના વિવરણની દેખરેખ કરતા હતા. જ્યારે વિભાજન કોઈપણ સ્થિતિમાં સૌહાદ્રપૂર્ણ નહોતું. પરંતુ વિભાજનના કેટલાક હિસ્સા યોગ્ય રીતે વહેંચાઈ ગયા જેમાં રક્ષા, મુદ્રા અને સાર્વજનિક વિત્ત સમજૂતીઓ સામેલ હતી.

વિભાજન સમજૂતી અંતર્ગત પાકિસ્તાનને બ્રિટિસ ભારતની સંપત્તિ અને દેણદારીઓના ૧૭.૫ ટકા હિસ્સો મળ્યો. પરંતુ આ ભાગલાનો અંત ન હતો, પાકિસ્તાનની નવા કેન્દ્રીય બેંક અને ભારતીય રિઝર્વ બેંકને રોકડ બાકી રકમની ચૂકવણી પર ફેંસલો લેવાનો હતો. એ સમયે, ભારત સરકા પાસે લગભગ ૪૦૦ કરોડ રૂપિયા હતા. વિભાજન પરિષદે પાકિસ્તાનની કેન્દ્રીય બેંકને ૭૫ કરોડ રૂપિયા ફાળવ્યા, જેમાં ૨૦ કરોડ રૂપિયાની કાર્યશીલ શેષ સામેલ હતી જે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ પાકિસ્તાનીઓને પહેલેથી જ આપી દેવાઈ હતી. આઝાદી બાદ ભારત અને પાકિસ્તાન બંનેને એક જ કેન્દ્રીય બેંક દ્વારા એક વર્ષથી વધુ સમય સુધી સેવા અપાતી રહી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઓગસ્ટ ૧૯૪૭થી સપ્ટેમ્બર ૧૯૪૮ સુધી આ ભાર ઉઠાવ્યો. મૂળ રૂપે બંને દેશોને ઓક્ટોબર ૧૯૪૮ સુધી કેન્દ્રીય બેંક વહેંચવાની હતી. પરંતુ આરબીઆઈ અને પાકસ્તાન સરકાર વચ્ચે ૫૫ કરોડ રૂપિયાની ચૂકવણીને લઈને સંબંધો બગડ્યા બાદ વિભાજનને એક મહિનો આગળ વધારી દીધું. આ રકમ ૧૯૪૭માં નક્કી થઈ હતી. આ અવધિ દરમ્યાન ભારત અને પાકિસ્તાને પૈસા પણ વહેંચ્યા. વિશેષજ્ઞ સમિતિએ ૩૧ માર્ચ, ૧૯૪૮ સુધી ભારત અને પાકિસ્તાન બંને માટે સિક્કા અને મુદ્રા જારી રાખવાનો ફેંસલો કર્યો.

પહેલો હપ્તો ૨૦ કરોડ રૂપિયાનો ૧૫ ઓગસ્ટે પાકિસ્તાનને આપી દીધો. બાકી ૭૫ કરોડ રૂપિયાની રકમ એક વિવાદાસ્પદ મુદ્દામાં ફસાઈ ગઈ. આ મુદ્દો હતો વિભાજનના તરત બાદ ભાડાના સૈનિકોની મદદથી પાકિસ્તાની સેનાનું કાશ્મીર પર આક્રમણ. ભારતે આ રકમ અટકાવી દીધી. તત્કાલીન ગૃહમંત્રી સરદાર પટેલે રોકડું પરખાવ્યું કે ભારત કાશ્મીર મુદ્દો ઉકલ્યા સુધીમાં કોઈપણ ચૂકવણી નહીં કરે. પાકિસ્તાને ત્યારે કોઈ વાંધો ન ઉઠાવ્યો. પરંતુ ૨૨ ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ કાશ્મીર મુદ્દા પર અંતિમ વાતચીત સમયે, તેણે આર્થિક મુદ્દા અને કાશ્મીર પ્રશ્ન એક સાથે મૂકવા પર વાંધો લીધો અને ૫૫ કરોડ રૂપિયા તરત ટ્રાન્સફર કરવા માંગ કરી. પરંતુ ભારત પોતાની વાત પર અડગ રહ્યું.

### સ્વતંત્રતા પર્વની પૂર્વ સંધ્યાએ ગુજરાત સરકારનો નિર્ણય

# ૮૬ કેદીઓને રાજય માફી આપી જેલમુક્ત કરવા આદેશ

### જેલમાં વ્યવહાર અને વર્તણૂક સારી હોય તેવા પાત્રતા ધરાવતા કેદીઓને પરિવાર સાથે જીવન જીવવાની નવી તક અપાઈ



અમદાવાદ

સ્વતંત્ર પર્વની પૂર્વ સંધ્યાએ માનવીય સંવેદનાસ્પર્શી અભિગમ દાખવી રાજયની જેલોમાં સારો વ્યવહાર અને વર્તણૂક રાખનાર કેદીઓ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી દ્વારા દાખવવામાં આવેલા આ માનવીય અભિગમ થકી તા.૧૫મી ઓગષ્ટ, સ્વતંત્ર પર્વની પૂર્વ સંધ્યાએ વધુ ૮૬ કેદીઓ જેલમુક્ત થશે.

રાજયની જેલોમાં સારો વ્યવહાર-વર્તણૂક રાખનાર પાત્રતા ધરાવતા કેદીઓને કેદમુક્ત કરવાના આ નિર્ણયથી આ કેદીઓને પોતાના પરિવાર સાથે જીવન જીવવાની નવી તક મળશે.

ભારત સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આપેલા દિશાનિર્દેશ અનુસાર નિયત કરાયેલી કક્ષાના કેદીઓને રાજય માફી આપવામાં આવી છે. અગાઉ વર્ષ ૨૦૨૩માં ૧૦૩ કેદીઓ અને વર્ષ ૨૦૨૪માં ૨૪૮ કેદીઓને રાજય માફી આપી કેદ મુકત કરવામાં આવેલા છે. જે પૈકી હાલ ૮૬ કેદીઓ કેદ મુકત કરાયા છે. ગુજરાતમાં આ સાથે વર્ષ-૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન કુલ ૩૫૧ કેદીઓને રાજય માફીનો લાભ આપવામાં આવ્યો છે.

છેલ્લા બે વર્ષમાં ૩૫૧ કેદીઓને રાજય માફીનો લાભ આપી જેલ મુક્ત કર્યા છે.

### ૧૯ વર્ષથી મફતનો પગાર લેતા હોવાનો આરોપ

# શૈક્ષણિક સંઘના પ્રમુખ ભીખા પટેલ સામે અરજી કરવામાં આવી

### નાણાકીય ઉચાપતને લઈને પણ એસીબીમાં અરજી કરવામાં આવી છે



અમદાવાદ

ભણાવ્યા વગર પગાર લીધો છે. આ ઉપરાંત તેમની વૈભવી જીવનશૈલીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સામાન્ય શિક્ષક કે શિક્ષક સંઘનો પ્રમુખ આટલી વૈભવી જીવનશૈલીમાં કઈ રીતે જીવી શકે તેવો સવાલ પણ ઉઠાવવામાં આવ્યો છે. આ સવાલ બીજા કોઈએ નહીં પણ દાહોદના જ શિક્ષક બળવંતસિંહ ડાંગરે ઉઠાવ્યા છે. આ ઉપરાંત બળવંતસિંઘ ડાંગરનો આરોપ છે કે ભીખા પટેલ યુનિયનના નેતા હોઈ શિક્ષણ વિભાગ અને સંલગ્ન કચેરીઓ પણ તેમને છાવરી રહી છે. આમ હવે શિક્ષક યુનિયનની અંદર પણ માથાકૂટ શરૂ થઈ ગઈ છે. શિક્ષક સંઘના પ્રમુખ સામે જ એસીબી તપાસને માંગ કરી તેવું પહેલી વખત બન્યું છે.

તેમણે સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરના હુકમનો અનાદર કર્યો છે. ફૂલ-ઈન પીરિયડમાં સીઆરસી હેડને ચાર્જ સોંપવાનો હોય છે. એક વર્ષના ફૂલ-ઈન પીરિયડમાં નિયમ વિરુદ્ધ બદલી કરવામાં આવી છે. સંગઠનમાં જઈ અનેક ખોટા બિલ મૂકી નાણાની ઉચાપત કર્યાનો આરોપ છે. સંલગ્ન કચેરીએ ભીખા પટેલને છાવરવા ખોટા ઠરાવ પાસ કર્યાનો દાવો કરવામાં આવ્યો છે.

આ અંગે ભીખાભાઈનું કહેવું છે મારી પાસે કોઈ જમીન નથી. મેં મકાન લીધું તેની લોન બોલે છે. મારી પર ૪૦ લાખ રૂપિયાનું દેવું છે. મારા પરના આરોપ ખોટા છે. બળવંતસિંહ ડાંગર સામે હું માનહાનિનો કેસ કરીશ એમ તેમણે જણાવ્યું છે. તપાસ પછી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

### ન્યૂઝીલેન્ડનું ડેલિગેશન ગુજરાતની મુલાકાત

# કૃષિ, ડેરી ઉદ્યોગ, પ્રવાસન-સાંસ્કૃતિક સહિતના સંબંધો વધારવા તરફ પ્રયાણ

### ભારત-ન્યૂઝીલેન્ડ સંબંધો વિકસ્યા છે તેને આગળ ધપાવવા ગુજરાત સહયોગ આપશે ન્યૂઝીલેન્ડ સાથે ફાર્મર એક્સેન્જ પ્રોગ્રામ શરૂ કરવા તૈયારી દર્શાવી



અમદાવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ન્યૂઝીલેન્ડના ૯ સભ્યોના ડેલિગેશને ગાંધીનગરમાં લીધી હતી. ન્યુઝીલેન્ડના કૃષિ, વન અને વાણિજ્ય મંત્રી તથા વિદેશી બાબતોનાં એસોસિયેટ મંત્રી ટોડ મેકકલે તેમજ ભારત સ્થિત ન્યુઝીલેન્ડના હાઈ કમિશનર પેટ્રિક રાતાનાં નેતૃત્વમાં ૯ સભ્યોનું પ્રતિનિધિમંડળ ગુજરાત સાથે વ્યૂહાત્મક પાર્ટનરશીપ માટે મુખ્યમંત્રીની મુલાકાતે આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ મુલાકાત બેઠકમાં તેમણે ગુજરાત સાથે કૃષિ, ડેરી ઉદ્યોગ, સહકાર, રિન્યૂએબલ એનર્જી, પ્રવાસન ક્ષેત્રે સહકાર અને બંને દેશોના લોકોમાં પરસ્પર લાંબાગાળા સુધી સૌહાર્દપૂર્ણ રીતે સાંસ્કૃતિક સંબંધો આગળ વધે તે માટે ઉત્સુકતા દર્શાવી હતી. ભૂપેન્દ્ર પટેલે ડેલિગેશનને આવકારતા કહ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિઝનરી લિડરશીપમાં ભારત-ન્યૂઝીલેન્ડના સંબંધો વિકસ્યા છે. ગુજરાત આ દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ ધપાવશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીએ ગુજરાતમાં ગાય આધારિત ખેતીથી ખેડૂતોની આવક બમણી કરવા માટેનું તેમનું વિઝન શેર કર્યું હતું. વધુમાં, ગુજરાત અને ન્યુઝીલેન્ડને કૃષિ-સહકાર અને ડેરી ક્ષેત્રે લાભદાયી એવા 'ખેડૂત વિનીમય કાર્યક્રમ (ફાર્મર એક્સચેંજ પ્રોગ્રામ)' શરૂ કરવા પર ભાર મૂક્યો હતો. ન્યૂઝીલેન્ડ ડેરી ટેકનોલૉજીમાં અગ્રણી દેશ છે. ડેરી વિકાસમાં આ ટેકનોલૉજીનો લાભ ગુજરાતને પણ મળે તે માટે મુખ્યમંત્રીએ કૃષિ, ડેરી ઉદ્યોગ, પશુપાલન અને સહકારી ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓની નવીનતમ વિચારસરણીને પોષવા માટે સમયાંતરે બેઠકો અને વર્કશોપ યોજાય તેવી ઈચ્છા પણ ડેલીગેશન સમક્ષ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત દૂધ ઉત્પાદનમાં અગ્રણી રાજ્ય છે. એટલું જ નહિ, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન અને ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં પણ ગુજરાત અગ્રેસર છે અને આ બધા ક્ષેત્રોમાં ન્યુઝીલેન્ડ સાથે સહયોગ કરવા ઉત્સુક છે. આ ઉપરાંત મુખ્યમંત્રીએ ન્યુઝીલેન્ડમાં વસતા મહેનતુ ગુજરાતી સમુદાય અંગે પણ ચર્ચા કરી હતી. તેમજ બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને વધુ ગાઢ બને માટે નિયમિત બેઠકો ગોઠવવાનો અભિગમ વિકસાવવા પર પણ ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે ગુજરાતમાં રહેલા પ્રવાસન આકર્ષણોનો ઉલ્લેખ કરી તેમણે ન્યુઝીલેન્ડથી આવતા પ્રવાસીઓને ગુજરાતનાં જગવિખ્યાત સ્ટેચ્યૂ ઑફ યુનિટી, કચ્છનું સફેદ રણ (રણોત્સવ), ગીર જંગલ જેવા સ્થળોની મુલાકાત લેવા માટે જણાવ્યું હતું. ન્યુઝીલેન્ડના મંત્રી ટોડ મેકક્લેએ ડેરી અને સહકારી ક્ષેત્રે ગુજરાત - ન્યુઝીલેન્ડ વચ્ચેના પરસ્પર સંબંધો વિકસાવવા માટે તેઓએ ગુજરાતમાં પ્રતિનિધિમંડળ લઈ આવવા અંગે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેમણે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ **(NDDB)** સાથે સહયોગ અંગે ચર્ચા કરી હતી. પશુ આરોગ્ય સુવિધાઓમાં વેલ્યૂ-એડિશન આધારિત પ્રયાસોથી દૂધ ઉત્પાદનમાં કેવી રીતે વધારો કરી શકાય તેનો અનુભવ શેર કર્યો હતો. ન્યુઝીલેન્ડના મંત્રીએ ગુજરાત રાજ્ય સાથે વેસ્ટ ટુ બાયોએનર્જી સહિતના ક્ષેત્રોમાં સહયોગની સારી સંભાવનાઓ છે તેમ જણાવ્યું હતું. ગુજરાત અને ન્યૂઝીલેન્ડના ખેડૂત સમુદાયના પરસ્પર લાભ માટે પશુ ચિકિત્સકોનો વિનિમય કાર્યક્રમ પણ શરૂ કરવાનીમાં સંભાવના પણ તેમણે દર્શાવી હતી.

### ગુરુવારે ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવવા જઈ રહ્યો છે

# ગુજરાત પોલીસના ૨૧ કર્મચારીઓ થશે સન્માનિત

### ૧૦૩૭ સુરક્ષાકર્મીઓને તેમની અસાધારણ સેવાઓ માટે સન્માન આપવામાં આવશે

અમદાવાદ

ગુજરાત પોલીસના ૨૧ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવશે. આ વર્ષે દેશ ગુરુવારે ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવવા જઈ રહ્યો છે.

ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા બુધવારે સરકારે જવાનોને રાષ્ટ્રપતિ મેડલ આપવાની જાહેરાત કરી છે. આ વર્ષે પોલીસ, ફાયર, હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સ અને સુધારાત્મક સેવાઓના કુલ ૧૦૩૭ જવાનોને વીરતા અને સેવા ચંદ્રક આપીને સન્માનિત કરવામાં આવશે. ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, ૧૦૩૭ સુરક્ષાકર્મીઓને તેમની અસાધારણ સેવાઓ માટે સન્માન આપવામાં આવશે. **DGP** વિકાસ સહાયએ આ પોલીસ કર્મચારીઓને શુભેચ્છા આપી હતી.વિગતો મુજબ,




વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક **(PSM)** સેવામાં ખાસ કરીને વિશિષ્ટ રેકોર્ડ માટે આપવામાં આવે છે, અને મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ **(MSM)** સંસાધન અને ફરજ પ્રત્યેની નિષ્ઠા ધરાવતી મૂલ્યવાન સેવા માટે એનાયત કરવામાં આવે છે. ત્યારે ગુજરાતમાંથી કુલ ૧૯ પોલીસ કર્મચારી અને અધિકારીઓને મેડલની જાહેરાત થઈ છે. ગુજરાતના ૨ પોલીસ અધિકારીઓને રાષ્ટ્રપતિ ચંદ્રક **PSM**થી સન્માનિત કરાશે, જ્યારે ૧૯ પોલીસ અધિકારી/કર્મીઓને મેરીટોરીયસ સર્વિસ **MSM**થી સન્માનિત કરાશે.

જે લોકોને સન્માન મળશે, તેમના નામ ગૃહ મંત્રાલયે જાહેર કરી દીધા છે. જેમાં ગુજરાતથી **DSP** બળવંતસિંહ હેમતુજી ચાવડાને પ્રેસિડેન્ટ મેડલથી સન્માનિત કરવામાં આવશે. સબ ઈન્સ્પેક્ટર ભરતકુમાર મનુભાઈ બોરાણાને પણ પ્રેસિડેન્ટ મેડલ એનાયત કરવામાં આવશે.

# ગાંધીનગર પોલીસ ભવનની સફાઈ કર્મીએ એસિડ ગટગટાવ્યું

ગાંધીનગર

ગાંધીનગર પોલીસ ભવનમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતી શ્રમજીવી મહિલાએ આર્થિક સંકડામણના પગલે બે વ્યક્તિ પાસેથી કુલ રૂ.૩૦ હજાર વ્યાજે લીધા હતા. આ બંને વ્યક્તિ પોલીસ હાઉસિંગ બોર્ડમાં ફરજ બજાવતા હોવાથી મહિલા તેમને ઓળખતી હતી. મહિને ૧૦ ટકા વ્યાજ આપવા છતાં નાણાં પરત લેવા માટે વ્યાજખોરે અસહ્ય ત્રાસ આપતાં મહિલાએ એસિડ ગટગટાવી જીવન ટૂંકાવવા પ્રયાસ કર્યો હતો. સેકટર - ૨૧ પોલીસે બંને વ્યાજખોર ડ્રાઈવર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગાંધીનગરના જીતેન્દ્રભાઈ શંકરભાઈ અને તેની પત્ની મંજુલાબેન સેકટર - ૧૮ પોલીસ ભવન ખાતે સફાઈ કામદાર તરીકે આઉટ સોર્સિંગમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને બોરીજ ગામમાં રહે છે. જીતેન્દ્રભાઈએ પિતાની સફાઈ કામદારની નોકરી અંગે કેસ લડવા માટે ત્રણેક વર્ષ અગાઉ પોલીસ હાઉસિંગ બોર્ડમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા દિનેશ પરમાર (મકવાણા) પાસેથી ૧૦ હજાર વ્યાજે લીધા હતા. જેનું ૧૦ ટકા વ્યાજ લેખે ૧૦૦૦ જીતેન્દ્રભાઈ સમયસર ચૂકવતાં હતા. સોમવારે જીતેન્દ્રભાઈ સહિતના પરિવારજનો ઘરે હતા ત્યારે સાંજના સાતેક વાગે દિનેશ તેમના ઘરે જઈ વ્યાજની ઉઘરાણી કરવા લાગ્યો હતો. હાલ નાણાની સગવડ નહીં હોવાનું જીતેન્દ્રભાઈએ જણાવતા દિનેશે ઘરે બેસી જઈ બૂમો પાડી વ્યાજની ઉઘરાણી કરવા લાગ્યો હતો. બૂમાબૂમ થતં આસપાસના લોકો પણ ભેગા થઈ ગયા હતા. આ બાબતે લાગી આવતાં મંજુલાબેને સંડાસમાં જઈને એસિડ ગટગટાવી લીધું હતું. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. સમયસર સારવાર મળી જતાં તેમનો જીવ બચી ગયો હતો. જીતેન્દ્રભાઈએ સેકટર - ૨૧ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, પિતાનો કેસ લડવા તેમણે દિનેશ પરમાર પાસેથી ૧૦ ટકા વ્યાજે ૧૦ હજાર લીધા હતા. જેની સામે બેંકનો કોરો ચેક આપ્યો હતો. એજ રીતે પોલીસ હાઉસીંગ બોર્ડમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા મનુભાઈ દેસાઈ (રબારી) પાસેથી પણ રૂ. ૨૦ હજાર ૧૦ ટકા વ્યાજે લીધા હતા. આ મનુભાઈ દેસાઈ પણ ફોન કરી તેમજ પોલીસ ભવન ખાતે આવી કડક ઉઘરાણી કરતા હતા. આ લોકોના ત્રાસથી પત્ની મંજુલાબેને એસિડ પીધું હોવાના મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### ઢોરો પાલિકા તંત્ર દ્વારા ડબ્બે ન કરાય તે માટે નાસભાગ મચી જવા પામી

# પાટણમાં તિરંગાયાત્રાને લઈ પાલિકાએ ઢોરોને પકડવાની ઝુંબેશ હાથ ધરી

## ઢોર ડબ્બાની ઝુંબેશ દરમિયાન પાલિકાના કર્મચારીઓની ઢોર માલિકોની સાંઠગાંઠના આક્ષેપ ઉઠ્યા

પાટણ

પાટણ શહેરમાં રખડતા ઢોરોની સમસ્યાને ધ્યાનમાં રાખીને મંગળવારે શહેરમાંથી નીકળનારી તિરંગા યાત્રાને લઈને પાટણ નગરપાલિકા તંત્ર દ્વારા ઢોર ડબ્બે કરવાની ઝુંબેશ હાથ ધરી હતી. પાલિકા તંત્ર દ્વારા હાથ ધરાયેલી ઢોર ડબ્બાની ઝુંબેશને લઈને ઢોરોને શહેરના બજાર માર્ગો સહિત મહોલ્લા, પોળો અને સોસાયટીમાં રખડતા મૂકી દેતા પશુપાલકોમાં પોતાના રખડતા ઢોરો પાલિકા તંત્ર દ્વારા ડબ્બે ન કરાય તે માટે નાસભાગ મચી જવા પામી હતી.

પાટણ શહેરના કેટલાક પ્રબુદ્ધ નગરજનો પણ આ રખડતા ઢોરને ડબ્બે કરવાની ઝુંબેશ માં સહયોગી બન્યા હતા. પરંતુ પાલિકાની ઢોર ડબ્બાની કામગીરીમાં જોડાયેલા કેટલાક કર્મચારીઓની રખડતા ઢોરોના માલિકો સાથેની સાઠ ગાંઠને કારણે મહામુસીબતે ડબ્બે કરાયેલા ઢોરોને ઢોર ડબ્બામાં છોડવાની જગ્યાએ અધવચ્ચે જ છોડી દેવામાં આવ્યા હોવાના આક્ષેપો પણ કર્મચારીઓ સામે કર્યા હતા.

ઢોર ડબ્બે કરવાની ઝુંબેશના કારણે શહેરના મુખ્ય બજાર માર્ગો પરથી રખડતા ઢોરો ગાયબ થયેલા જોવા મળ્યા હતા. જેના કારણે શહેરીજનોએ પણ હાશકારો અનુભવી કાયમી ધોરણે પાલિકા તંત્ર દ્વારા રખડતા ઢોરોની ડબ્બે કરવાની ઝુંબેશ હાથ ધરી શહેરીજનોને ભોગવવી પડતી મુશ્કેલીઓ દૂર કરે તેવી માંગ છે.

### સેફ્ટી સર્ટિફિકેટ રજાચિઠ્ઠી સાથે રજૂ કરવાના રહેશે

# બાંધકામની સાઈટ પરની આસપાસની મિલકતોને નુકસાન ના થાય માટે SOP જાહેર કરાઈ

## સાઈટો પર મોટાભાગે ટાવર ક્રેઈનના ઉપયોગ થતો હોય છે બાંધકામ સ્થાન પર કામ કરતા મજૂરો દ્વારા આ ટાવર ક્રેઈનના ઈન્સ્ટોલેશન/ ઓપરેશન ની કામગીરી થતી હોય છે

અમદાવાદ

અમદાવાદમાં બાંધકામની સાઈટ પરની આસપાસની મિલકતોને નુકસાન ના થાય માટે મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા SOP જાહેર કરવામાં આવી છે. આ માર્ગદશિકા મુજબ નાગરિકો અને તેમની મિલ્કતોને થતા નુકશાન ટાળવા તેમજ વાહન વ્યવહાર જળવાય તે માટેના સૂચનો કરવામાં આવ્યા છે.

બાંધકામની સાઈટો પર મોટાભાગે ટાવર ક્રેઈનના ઉપયોગ થતો હોય છે. બાંધકામ સ્થાન પર કામ કરતા મજૂરો દ્વારા આ ટાવર ક્રેઈનના ઈન્સ્ટોલેશન/ ઓપરેશન ની કામગીરી થતી હોય છે. દરમ્યાન કેટલીક વખત અકસ્માતો પણ સર્જાતા હોય છે. મ્યુનિસિપલ કમિશનરે ટાવર ક્રેઈનના વપરાશ અંગે જાહેર કરેલી માર્ગદર્શિકા મુજબ એસ્ટેટ વિભાગ ધ્વારા બાંધકામની વિકાસ પરવાનગી અપાયેલ હોય અને બાંધકામની કામગીરી માટે કન્સ્ટ્રકશન સાઈટ પર સ્થળે કોઈ પણ પ્રકારની ટાવર ક્રેન ઈન્સ્ટોલેશન/ઓપરેશન કરવાની થતી હોય તેવા કિસ્સામાં કન્સ્ટ્રકશન માટેની ટાવર કેન ઈન્સ્ટોલેશન માટે ફેકટરી એકટ ૧૯૪૮ મુજબ સેફટી રિપોર્ટ અને સેફ્ટી સર્ટિફિકેટ રજાચિઠ્ઠી સાથે રજૂ કરવાના રહેશે.

માલિક/ ડેવલોપર્સ વિગેરે દ્વારા ટાવર કેનના ઈરેક્શન, હાઈટ ડિસમેન્ટલ અને ઓપરેશન અંગે માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયરની દેખરેખ હેઠળ ટાવર ક્રેનના ટેકનીકલ સ્ટાફ ટીમની હાજરીમાં સુપરવાઈઝિંગ એન્જિનીયરના માર્ગદર્શન હેઠળ કરવાના રહેશે તથા ટાવર કેન અને તેના પાર્ટસની સલામતીના રિપોર્ટ રજૂ કરવાના રહેશે.

ટાવર કેનનો ઉપયોગ પ્લોટ હદની બહાર થતો હોય તેમજ કામગીરી દરમિયાન ટ્રાફિકને અસર થાય તેમ હોય તો જરૂર જણાવે પોલીસ કલીયરન્સ મેળવી લેવાનું રહેશે,

ઓવરહેડ ઈલેકટ્રીક લાઈન, હાઈ ટેન્શન મીડ લાઈન, ઓઈલ/ ગેસ વિગેરે પાઈપલાઈનોથી નિયત કન્ટ્રોલલાઈન મુજબનું સલામત અંતર જાળવીને ટાવર ક્રેનનું ઈન્સ્ટોલેશન અને ઓપરેશન કરવાનું રહેશે.

ટાવર કેનના ઉપરના ટોચનાં ભાગમાં એરક્રાફટ વોર્નિંગ લાઈટ જોગવાઈ કરવાની રહેશે.તથા વખતોવખત તેનું ચેકીંગ કરવાનું રહેશે. ટાવર કેન અંગે કન્સ્ટ્રકશન સાઈટ ઉપર સલામતી અંગે જરૂરી કોર્ડન/સલામતીની સંજ્ઞાઓ(સાઈનેજ) વિગેરેનું સ્થળે ઈન્સ્ટોલેશન કરવાનું રહેશે.

અમદાવાદ મ્યુનિસિલ વિસ્તારની હદમાં આવેલ બાંધકામની સાઈટો પર થતા કામમાં ટાવર કેનના વપરાશ દરમિયાન આજુબાજુની મિલકતો અને નાગરિકોને નુકસાન થશે તો સંપૂર્ણ જવાબદારી ટાવર કેન સંચાલકો તથા માલિક/ ડેવલોપર્સની રહેશે.

# સુરત એક કરોડનું ડ્રગ્સ ફેંકીને ફરાર થનાર આરોપી ઝડપાયો

સુરત

સુરત SOG દ્વારા લાલગેટ પોલીસ મથકની હદમાં આવેલા રામપુરા વિસ્તારમાંથી અગાઉ ઝડપી પાડવામાં આવેલા એક કરોડથી વધુની કિંમતના MD ડ્રગ્સ કેસમાં ફરાર મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપી નેપાળથી સુરત આવતા લાલગેટ પોલીસે જાળ બિછાવીને ઝડપી પાડ્યો છે. આરોપી પોતાના અન્ય બે સાગરીતો સાથે મળી મુંબઈથી ટ્રેન મારફતે સુરત ડ્રગ્સની હેરાફેરી કરતો હતો. આરોપીને પ્રત્યેક ડ્રગ્સની હેરાફેરી પાછળ ૫૦૦૦ થી ૧૫ હજાર રૂપિયા સુધીનું કમિશન આપવામાં આવતું હતું. મહત્વનું છે કે અગાઉ ડ્રગ્સના જથ્થાની ડિલિવરીના સમયે રામપુરા વિસ્તારમાં એસઓજી દ્વારા રેડ પાડવામાં આવી હતી. જે દરમિયાન એક કરોડનું એમડી ડ્રગ્સની બેગ ફેંકી આરોપી ફિલ્મી ઢબે ફરાર થઈ ગયો હતો. જે ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા. સુરત પોલીસની પકડમાં આવેલા શખ્સનું નામ શેહબાઝ આલમ ખાન છે. જે આરોપી ડ્રગ્સના કારોબાર સાથે સંકળાયેલો છે. સુરત એસઓજી દ્વારા ૨૯મી જુલાઈના રોજ રામપુરા વિસ્તારમાં લાલમીયા મસ્જિદ પાસે ડ્રગ્સની ડિલિવરી આપવા અને લેવા આવેલ શખ્સોને ઝડપી પાડવા માટે વોચ ગોઠવી છાપો માર્યો હતો.

જે દરમિયાન ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા અને આરોપી શેહબાઝ આલમ ખાન ફરાર થઈ ગયો હતો. રામપુરા અખાડા સ્ટ્રીટમાં રહેતો અને વેસ્ટેજ યાર્નનો વેપારી શેહબાઝ આલમ ઈર્શાદ હુસેન ખાન એક કરોડનું એમડી ડ્રગ્સ મુંબઈથી પોતાના બે સાગરીતો સાથે લાવ્યો હતો. આ જથ્થો રામપુરાના કાશીફ ઈકબાલ ઉર્ફે પસીના શેખે મંગાવ્યો હોવાની બાતમી મળતા એસઓજીએ અહીં દરોડા પાડ્યા હતા. રામપુરાના કાશીફ ઈકબાલ ઉર્ફે પસીના શેખે ડ્રગ્સનો જથ્થો મંગાવ્યો હતો. જે દરમિયાન સુરત એસઓજીએ અહીં છાપો મારી મુખ્ય સૂત્રધાર કાશીફને એક કરોડની કિંમતના ડ્રગ્સ સાથે દબોચી પાડ્યો હતો. કાશીફની પૂછપરછમાં અને આરોપીઓના નામો સામે આવતા કુલ આઠ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. જ્યારે એમડી ડ્રગ્સ કેસમાં શેહબાઝ આલમની મુખ્ય ભૂમિકા હોવાનું તપાસમાં સામે આવતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી. જે આરોપીને શોધવા જીંની ટીમ તેના વતન ઉત્તર પ્રદેશના સંત કબીર જિલ્લામાં પણ ગઈ હતી. પરંતુ ત્યાંથી પણ તે ભાગી છૂટતા ટીમે વિલંબે પરત ફરવું પડ્યું હતું. દરમિયાન મુખ્ય આરોપી શેહબાઝ આલમ નેપાળ ભાગી છૂટ્યો હતો અને નેપાળથી તે પરત સુરત ફર્યો હોવાની માહિતી લાલગેટ પોલીસને મળી હતી. જેથી લાલગેટ પોલીસ આરોપીની સતત વોચમાં હતી.

દરમિયાન લાલગેટ વિસ્તારમાં ફરી રહેલા આરોપી શેહબાઝ આલમને ખાનને ઝડપી પાડવામાં અંતે પોલીસને સફળતા મળી હતી. આરોપીની ધરપકડ કરી લાલગેટ પોલીસ દ્વારા પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જે પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આરોપી શેહબાઝ પોતાના અન્ય સાગરીત મોહમ્મદ કાશીફ અને અન્ય એક ઈસમ સાથે મળી મુંબઈથી ટ્રેન મારફતે ડ્રગ્સનો જથ્થો સુરત લાવતો હતો. જેમાં એક ટ્રીપના આરોપીને અંદાજિત ૧૫૦૦૦ રૂપિયા જેટલું કમિશન આપવામાં આવતું હતું. આ સાથે પોતે પણ એમડી ડ્રગ્સનું સેવન કરે છે.

# બાંગ્લાદેશી યુવક પકડાવાના કેસમાં સુરક્ષા એજન્સીઓ તપાસ કરશે

અરવલ્લી

અરવલ્લી જિલ્લામાંથી બાંગ્લાદેશી યુવક ઝડપાયો હોવાનું સામે આવ્યુ હતુ. બાંગ્લાદેશી યુવક પકડાવાના કેસમાં સુરક્ષા એજન્સીઓ તપાસ કરશે. યુવકની તપાસ માટે NIA અને ATSને જાણ કરાઈ છે. અરવલ્લી એસપી દ્વારા દેશની ૧૪ સુરક્ષા એજન્સીઓને જાણ કરાઈ છે. વિઝા વિના જ ભારતમાં ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી રોકાવા અંગે તપાસ હાથ ધરાઈ છે. યુવક ક્યા માર્ગે અને કોની મદદથી બાયડ સુધી પહોંચ્યો તેની તપાસ હાથ ધરાઈ છે.

બાયડના રમાસ ગામેથી બાંગ્લાદેશી યુવક ઝડપાયો છે. યુવક રામરોટી ગામની યુવતીને મળવા આવ્યો હોવાનું તપાસમાં ખુલાસો થયો છે.

દુબઈમાં યુવક-યુવતી બંને સાથે નોકરી કરતા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. શંકાસ્પદ હિલચાલના પગલે સ્થાનિકોએ યુવકને ઝડપી પોલીસને સોંપ્યો હતો. મોબાઈલની તપાસ કરતા ભારત વિરૂદ્ધ લખાણ મળી આવ્યું હતું.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL